**દિવ્યાંગ વ્યક્તિઓ માટે સરકારી સેવાઓમાં અનામત રાખેલ જગ્યાઓ પર કેવા પ્રકારની દિવ્યાંગતા ધરાવતા ઉમેદવારોની નિમણૂંક થઇ શકે તે અંગે વિચારણા કરવા મળેલ પેટા તજજ્ઞ સમિતિની તા.૧૬/૦૩/૨૦૨૧ના રોજ ૧૨:૦૦ કલાકે મળેલ બેઠકની કાર્યવાહી નોંધ.**

---

૧. ધ રાઇટ્સ ઓફ પર્સન્સ વીથ ડિસેબિલિટીઝ એક્ટ-૨૦૧૬ની કલમ-૩૪માં થયેલ જોગવાઇ અનુસાર સરકારી સેવાઓમાં દિવ્યાંગ વ્યક્તિઓ માટે અનામત રાખેલ જગ્યાઓ પર, નિમણૂંક માટે કેવા પ્રકારની દિવ્યાંગતા ધરાવતા ઉમેદવારો ઉમેદવારી કરી શકે તે નક્કી કરવા માટે સામાજિક ન્યાય અને અધિકારિતા વિભાગના અધિક મુખ્ય સચિવશ્રીના અધ્યક્ષપદે તા.૧૬/૦૩/૨૦૨૧ના રોજ સવારે ૧૨:૦૦ કલાકે બેઠક મળેલ. આ બેઠકનું આયોજન નીચે જણાવેલ ત્રણ વિભાગો હસ્તકના સંવર્ગોમાં ઉમેદવારી કરવા લાયક દિવ્યાંગોની દિવ્યાંગતા સુનિશ્ચિત(post identification) કરવાની દરખાસ્ત પર ચર્ચા-વિચારણા હેતુ કરવામાં આવેલ.

1. શહેરી વિકાસ અને શહેરી ગૃહ નિર્માણ વિભાગ હસ્તકની રાજ્ય અગ્નિ નિવારણ સેવાઓના કુલ ૮ સંવર્ગોને દિવ્યાંગ અનામતમાંથી મુક્તિ આપવા અંગેની દરખાસ્ત.
2. નર્મદા,જળ સંપત્તિ,પાણી પુરવઠા અને કલ્પસર વિભાગ હસ્તકના કુલ ત્રણ સંવર્ગમાં દિવ્યાંગતાના પ્રકાર નક્કી કરવા બાબતની દરખાસ્ત.
3. આરોગ્ય અને પરિવાર કલ્યાણ વિભાગ હસ્તકના કુલ ૫૫ સંવર્ગો માટે દિવ્યાંગતાને પેટાવિભાજીત કરવા/ દિવ્યાંગતાના પ્રકાર નક્કી કરવા બાબતની દરખાસ્ત.

૨. આ બેઠકમાં નીચે મુજબના સમિતિના સભ્યશ્રીઓ તથા આમંત્રિત તજજ્ઞો હાજર રહેલ.

1. અધિક મુખ્ય સચિવશ્રી (સા.ન્યા.) & I/C કમિશનરશ્રી, દિવ્યાંગ વ્યક્તિઓ માટેના.
2. નિયામકશ્રી, સમાજ સુરક્ષા
3. નાયબ સચિવશ્રી (ક.ગ.), સામાન્ય વહીવટ વિભાગ.
4. નાયબ સચિવશ્રી (સમાજ સુરક્ષા), સામાજિક ન્યાય અને અધિકારિતા વિભાગ.
5. કમિશનરશ્રી, આરોગ્ય અને તબીબી સેવાઓ વતી ડૉ. અજય ચૌહાણ
6. નાયબ કમિશનરશ્રી, દિવ્યાંગ વ્યક્તિઓ માટેના.
7. નાયબ નિયામકશ્રી, સમાજ સુરક્ષા.
8. ડૉ. રુતા સચાણી, આસીસ્ટન્ટ પ્રોફેસર, GMERS કોલેજ, ગાંધીનગર.

ઉક્ત ત્રણેય વિભાગ તરફથી રજૂ થયેલ દરખાસ્તને સંબધિત અધિકારીઓ તથા સંબધિત કર્મચારીઓ ઉપસ્થિત રહેલ હતાં.

૩. અધિક મુખ્ય સચિવશ્રી (સા.ન્યા.)એ સૌને આવકારી બેઠકની શરૂઆત કરી. સૌ પ્રથમ નર્મદા,જળ સંપત્તિ,પાણી પુરવઠા અને કલ્પસર વિભાગની દરખાસ્તો પર ચર્ચા શરૂ કરવામાં આવી. અધિક મુખ્ય સચિવશ્રી(સા.ન્યા.) દ્વારા ફીડર કેડર તેમજ તેના ઉપરના

સંવર્ગોમાં દિવ્યાંગતાના પ્રકારમાં એકસૂત્રતા રહે તે માટે અગાઉ તજજ્ઞ સમિતિ દ્વારા નક્કી કરવામાં આવેલ સંવર્ગોની ફીડર કેડર તથા તેના બઢતીના સંવર્ગના દિવ્યાંગતાના પ્રકાર અલગ હોય તો, ભારત સરકારના તા.૦૪/૦૧/૨૦૨૧ના નોટિફિકેશન મુજબ ફીડર કેડરમાં નક્કી કરવામાં આવેલ દિવ્યાંગતાના પ્રકાર મુજબ ઉપરના કેડરમાં સુધારો કરવા નર્મદા વિભાગને દરખાસ્ત કરવા સૂચન કર્યું.

૪. નર્મદા,જળ સંપત્તિ,પાણી પુરવઠા અને કલ્પસર વિભાગ દ્વારા ટેકનિકલ આસીસ્ટન્ટ, વર્ક આસીસ્ટન્ટ અને ઓવરશીયર સંવર્ગમાં દિવ્યાંગતાના પ્રકાર નક્કી કરવા માટે દરખાસ્ત કરવામાં આવેલ. આ સંવર્ગોના ભરતી નિયમો તથા મંજૂર થયેલ જગ્યાઓ અંગે વિભાગ દ્વારા તજજ્ઞ સમિતિને વિગતો રજૂ કરવામાં આવી. ટેકનિકલ આસીસ્ટન્ટ અને વર્ક આસીસ્ટન્ટ સંવર્ગ ઓવરસીયર કેડરની ફીડર કેડર હોવાનું તથા ઉક્ત બંન્ને સંવર્ગ માટે શૈક્ષણિક લાયકાત તેમજ કામગીરી સમાન પ્રકાર હોવાનું વિભાગ દ્વારા સમિતિને જાણકારી અપાઇ. આ સંવર્ગને સમાન ભારત સરકારના તા.૦૪/૦૧/૨૦૨૧ના નોટિફિકેશનમાં સમાન પ્રકારના સંવર્ગને ધ્યાને લઇ, તજજ્ઞ સમિતિ દ્વારા ઉક્ત ત્રણે સંવર્ગ માટે નીચે મુજબના સમાન દિવ્યાંગતાના પ્રકારને માન્ય રાખવામાં આવેલ છે.

નર્મદા,જળ સંપત્તિ,પાણી પુરવઠા અને કલ્પસર વિભાગ હસ્તકના નીચે મુજબના સંવર્ગો માટે તજજ્ઞ સમિતિ દ્વારા નક્કી કરવામાં આવેલ દિવ્યાંગતા

| ક્રમ | પોસ્ટનું નામ | વર્ગ | મંજૂર થયેલ જગ્યાઓ | વિભાગની દરખાસ્ત | | | | તજ્જ્ઞ સમિતિએ મંજૂર કરેલ વિકલાંગતા | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| | | | | A | B | C | D &E | A | B | C | D &E |
| ૧ | ટેકનિકલ આસીસ્ટન્ટ | 3 | ૨૯૮ | - | HH | OA, OL, | - | B, LV (40 - 70)% | D, HH (40-70)% | OA, BL,CP, LC, Dw, AAV, | ASD(M), ID, SLD, MI MD (40-70)% |
| ૨ | વર્ક આસીસ્ટન્ટ | 3 | ૧૫૨૫ | | HH | OA, OL, | - | B, LV (40 - 70)% | D, HH (40-70)% | OA, BL,CP, LC, Dw, AAV, | ASD(M), ID, SLD, MI MD (40-70)% |
| 3 | ઓવરશીયર | 3 | | પ્રવર્તમાન ભરતી નિયમો મુજબ આ સંવર્ગમાં સીધી ભરતીની જોગવાઇ ન હોવાથી ફીડર કેડર વર્ક આસીસ્ટન્ટ અને ટેકનિકલ આસીસ્ટન્ટમાં જે દિવ્યાંગતાઓ સ્વીકારાઇ છે, તે સ્વીકારવાની થશે. | | | | B, LV (40 - 70)% | D, HH (40-70)% | OA, BL,CP, LC, Dw, AAV, | ASD(M), ID, SLD, MI MD (40-70)% |

૫.	આરોગ્ય અને પરિવાર કલ્યાણ વિભાગ દ્વારા નીચે દર્શાવેલ ૫૫(પંચાવન) સંવર્ગોમાં દિવ્યાંગતાના પ્રકાર નક્કી કરવા માટે તજજ્ઞ સમિતિ સમક્ષ દરખાસ્ત રજૂ કરવામાં આવેલ. વિભાગ દ્વારા સંવર્ગોની દરખાસ્ત અંગેના પત્રકમાં ક્રમ ૧ થી ૪૯માં દર્શાવેલ સંવર્ગોમાં મંજૂર થયેલ જગ્યાઓ ૧(એક) અથવા ૦(શૂન્ય) હોવાનું દર્શાવેલ છે આથી આ સંવર્ગો માટે મંજૂર થયેલ જગ્યાઓને ધ્યાને લઇ સામાન્ય વહીવટ વિભાગના તા.૧૩-૧૨-૨૦૦૪ ના પરિપત્ર ક્ર: પવસ-૧૦૯૯-મુમ-૧૩/ગ-૪ મુજબ આ સંવર્ગોને દિવ્યાંગ અનામતમાંથી મુકિત મળે છે આથી તજજ્ઞ સમિતિ દ્વારા આ સંવર્ગો માટે કોઇ દિવ્યાંગતાના પ્રકાર નક્કી કરવાના રહેતા ન હોવાનો સર્વાનુમતે નિર્ણય લેવામાં આવ્યો

આરોગ્ય અને પરિવાર કલ્યાણ વિભાગ દ્વારા કરવામાં આવેલ દરખાસ્તમાં નીચે દર્શાવેલ ક્રમ નં. ૫૦ થી ૫૫ માટે, દરેક સંવર્ગની કામગીરી તથા ભારત સરકારના તા.૦૪/૦૧/૨૦૨૧ના નોટિફિકેશનમાં સમાન સંવર્ગ માટે નક્કી કરેલ દિવ્યાંગતાના પ્રકારને ધ્યાને લઇ નીચે મુજબના દિવ્યાંગતાના પ્રકારને માન્ય રાખવામાં આવેલ છે.

આરોગ્ય અને પરિવાર કલ્યાણ વિભાગ હસ્તકના નીચે મુજબના સંવર્ગ માટે તજજ્ઞ સમિતિ દ્વારા નક્કી કરવામાં આવેલ દિવ્યાંગતા

| ક્રમ | પોસ્ટનું નામ | વર્ગ | મંજૂર થયેલ જગ્યા | વિભાગની દરખાસ્ત | | | | તજજ્ઞ સમિતિએ મંજૂર કરેલ વિકલાંગતા | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| | | | | A | B | C | D &E | A | B | C | D &E |
| ૧ | આચાર્ય /અધિક્ષક (હોમિયોપેથી) | ૧ | ૦૧ | VI, LV | HH | LD,CP,LC,DF,AC,MuD | SLD, MI, ASD | ક્રમ નં. ૧ થી ૪૯ માં દર્શાવેલ સંવર્ગમાં | | | |
| ૨ | પ્રોફેસર (એનોટોમી) | ૧ | ૦૦ | LV | HH | LD(OA,OL), LC,DF,AC, | | | | | |
| 3 | પ્રોફેસર (ફીજીયોલોજી) | ૧ | ૦૦ | LV | HH | LD(OA,OL), LC,DF,AC, | | | | | |
| ૪ | પ્રોફેસર (ઓર્ગેનોન ઓફ મેડીસીન) | ૧ | ૦૧ | | HH | LD(OA,OL),LC, DF,AC,MuD | MD | | | | |
| ૫ | પ્રોફેસર (હોમિયોપેથીક ફાર્મસી) | ૧ | ૦૦ | | HH | LD(OA,OL),LC, DF,AC,MuD | MD | | | | |
| ૬ | પ્રોફેસર (હોમિયોપેથીક મટેરીયા મેડીકા) | ૧ | ૦૧ | | HH | LD(OA,OL),LC, DF,AC,MuD | MD | | | | |

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| ૭ | પ્રોફેસર (પેથોલોજી) | ૧ | ૦૦ | | HH | LD(OL) , AC, LC,DF | SLD | ૧(એક) અથવા ૦ (શૂન્ય) જગ્યા મંજૂર થયેલ હોવાથી દિવ્યાંગ અનામતમાંથી મુક્તિ આપેલ છે. |
| ૮ | પ્રોફેસર (ફોરેન્સીક મેડીસીન એન્ડ ટોક્ષીકોલોજી) | ૧ | ૦૦ | LV | HH | LD(OL,BL) , LC,DF,AC, | | |
| ૯ | પ્રોફેસર (પ્રેક્ટીસ ઓફ મેડીસીન) | ૧ | ૦૧ | LV | HH | LD(OA,OL),LC, DF,AC,MuD | ASD , SLD | |
| ૧૦ | પ્રોફેસર (સર્જરી) | ૧ | ૦૦ | LV | HH | LD(OL,BL) , LC,DF,AC, | | |
| ૧૧ | પ્રોફેસર (ગાયનેકોલોજી એન્ડ ઓબ્સ્ટેટ્રીકસ) | ૧ | ૦૦ | LV | HH | LD(OL,BL) , LC,DF,AC, | | |
| ૧૨ | પ્રોફેસર (કોમ્યુનીટી મેડીસીન) | ૧ | ૦૦ | LV | HH | LD, LC,DF,AC, | | |
| ૧૩ | પ્રોફેસર (રેપર્ટરી) | ૧ | ૦૧ | | HH | LD(OA,OL),LC, DF,AC,MuD | MD | |
| ૧૪ | રીડર (એનાટોમી) | ૧ | ૦૧ | LV | HH | LD(OA,OL),LC, DF,AC | | |
| ૧૫ | રીડર (ફીઝીયોલોજી) | ૧ | ૦૧ | LV | HH | LD(OA,OL),LC, DF,AC | | |
| ૧૬ | રીડર (ઓર્ગેનોન ઓફ મેડીસીન) | ૧ | ૦૧ | | HH | LD(OA,OL),LC, DF,AC,MuD | MD | |
| ૧૭ | રીડર (હોમિયોપેથીક ફાર્મસી) | ૧ | ૦૧ | | HH | LD(OA,OL),LC, DF,AC,MuD | MD | |
| ૧૮ | રીડર (હોમિયોપેથીક મટેરીયા મેડીકા) | ૧ | ૦૧ | | HH | LD(OA,OL),LC, DF,AC,MuD | MD | |
| ૧૯ | રીડર (પેથોલોજી) | ૧ | ૦૧ | | HH | LD(OL) , AC, LC,DF | SLD | |
| ૨૦ | રીડર (ફોરેન્સીક મેડીસીન એન્ડ ટોક્ષીકોલોજી) | ૧ | ૦૧ | LV | HH | LD(OL,BL) , LC,DF,AC, | | |
| ૨૧ | રીડર (પ્રેક્ટીસ ઓફ મેડીસીન) | ૧ | ૦૧ | LV | HH | LD(OA,OL),LC, DF,AC,MuD | ASD , SLD | |

| | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|
| ૨૨ | રીડર (સર્જરી) | ૧ | ૦૧ | LV | HH | LD(OL,BL) , LC,DF,AC, | |
| ૨૩ | રીડર (ગાયનેકોલોજી એન્ડ ઓબ્સ્ટેટ્રીકસ) | ૧ | ૦૧ | LV | HH | LD(OL,BL) , LC,DF,AC, | |
| ૨૪ | રીડર (કોમ્યુનીટી મેડીસીન) | ૧ | ૦૧ | LV | HH | LD, LC,DF,AC, | |
| ૨૫ | રીડર (રેપર્ટરી) | ૧ | ૦૧ | LV | HH | LD(OA,OL),LC, DF,AC,MuD | ASD , SLD |
| ૨૬ | લેક્ચરર (એનાટોમી) | ૨ | ૦૧ | LV | HH | LD(OA,OL),LC, DF,AC | |
| ૨૭ | લેક્ચરર (ફીજીયોલોજી) | ૨ | ૦૧ | LV | HH | LD(OA,OL),LC, DF,AC | |
| ૨૮ | લેક્ચરર (ઓર્ગેનોન ઓફ મેડીસીન) | ૨ | ૦૧ | | HH | LD(OA,OL),LC, DF,AC,MuD | MD |
| ૨૯ | લેક્ચરર (હોમિયોપેથીક ફાર્મસી) | ૨ | ૦૧ | | HH | LD(OA,OL),LC, DF,AC,MuD | MD |
| 30 | લેક્ચરર (હોમિયોપેથીક મટેરીયા મેડીકા) | ૨ | ૦૧ | | HH | LD(OA,OL),LC, DF,AC,MuD | MD |
| ૩૧ | લેક્ચરર (પેથોલોજી) | ૨ | ૦૧ | | HH | LD(OL) , AC, LC,DF | SLD |
| ૩૨ | લેક્ચરર (ફોરેન્સીક મેડીસીન એન્ડ ટોક્ષીકોલોજી) | ૨ | ૦૧ | LV | HH | LD(OL,BL) , LC,DF,AC, | |
| ૩૩ | લેક્ચરર (પ્રેક્ટીસ ઓફ મેડીસીન) | ૨ | ૦૧ | LV | HH | LD(OA,OL),LC, DF,AC,MuD | ASD , SLD |
| ૩૪ | લેક્ચરર (સર્જરી) | ૨ | ૦૧ | LV | HH | LD(OL,BL) , LC,DF,AC, | |
| ૩૫ | લેક્ચરર (ગાયનેકોલોજી એન્ડ | ૨ | ૦૧ | LV | HH | LD(OL,BL) , LC,DF,AC, | |

| | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|
| | ઓબ્સ્ટેટ્રીક્સ) | | | | | | |
| ૩૬ | લેક્ચરર (કોમ્યુનીટી મેડીસીન) | ૨ | ૦૧ | LV | HH | LD, LC,DF,AC, | |
| ૩૭ | લેક્ચરર (રેપર્ટરી) | ૨ | ૦૧ | LV | HH | LD(OA,OL),LC, DF,AC,MuD | ASD , SLD |
| ૩૮ | નિયામક, આયુષ | ૧ | ૦૧ | LV | HH | LD,CP,LC, DF, AC, MuD | SLD, MI, ASD |
| ૩૯ | નાયબ નિયામક (આયુર્વેદ) | ૧ | ૦૧ | VI LV | HH | LD,CP,LC, DF, AC, MuD | SLD, MI, ASD |
| ૪૦ | નાયબ નિયામક (હોમિયોપેથી) | ૧ | ૦૧ | VI LV | HH | LD,CP,LC, DF, AC, MuD | SLD, MI, ASD |
| ૪૧ | નાયબ નિયામક (તાલીમ અને સંશોધન) | ૧ | ૦૧ | VI LV | HH | LD,CP,LC, DF, AC, MuD | SLD, MI, ASD |
| ૪૨ | મદદનીશ નિયામક (હોમિયોપેથી) | ૧ | ૦૧ | VI LV | HH | LD,CP,LC, DF, AC, MuD | SLD, MI, ASD |
| ૪૩ | મદદનીશ નિયામક (આયુર્વેદ) | ૧ | ૦૧ | VI LV | HH | LD,CP,LC, DF, AC, MuD | SLD, ASD |
| ૪૪ | મદદનીશ નિયામક (શિક્ષણ) | ૧ | ૦૧ | VI LV | HH | LD,CP,LC, DF, AC, MuD | SLD, MI, ASD |
| ૪૫ | મદદનીશ નિયામક (ઔષધીય/ઉદ્યાન) | ૧ | ૦૧ | VI LV | HH | LD,CP,LC, DF, AC, MuD | SLD, MI, ASD |
| ૪૬ | તાલીમ અને સંશોધન અધિકારી | ૨/ ૧ | ૦૧ | VI LV | HH | LD,CP,LC, DF, AC, MuD | SLD, MI, ASD |
| ૪૭ | વનૌષધિ અધિક્ષક | ૧ | ૦૧ | LV | HH | LD,CP,LC, DF, AC, MuD | SLD, ASD |
| ૪૮ | વહીવટી અધિકારી | ૧ | ૦૧ | VI LV | HH | LD,CP,LC, DF, AC, MuD | SLD, MI, ASD |
| ૪૯ | 'મેનેજર' સરકારી આયુર્વેદ ફાર્મસી | ૧ | ૦૧ | LV | HH | LD(OA,OL),CP, LC, DF, AC,MuD | SLD, ASD |

| | | | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| ૫૦ | મેડિકલ ઓફીસર (હોમિયોપેથી) | ૨ અને ૩ | ૨૬૭ | LV | HH | LD(OA,OL),LC, DF,AC,MuD | ASD, SLD | - | - | OA, OL,BL, CP,LC, Dw, AAV, | SLD, MD (40-70)% |
| ૫૧ | રેસીડેન્ટ મેડિકલ ઓફીસર (હોમિયોપેથી) | ૨ | ૦૪ | LV | HH | LD(OA,OL),LC, DF,AC,MuD | ASD, SLD | - | - | OA, OL,BL, CP,LC, Dw, AAV, | SLD, MD (40-70)% |
| ૫૨ | મેડિકલ ઓફીસર(આયુર્વેદ)/ રેસીડેન્ટ મેડિકલ ઓફીસર(આયુર્વેદ) | ૨ | ૬૭૪ | LV | HH | LD(OA,OL),LC, DF,AC,MuD | ASD, SLD | - | - | OA, OL,BL, CP,LC, Dw, AAV, | SLD, MD (40-70)% |
| ૫૩ | વૈદ્યપંચકર્મ | ૧ | ૪૦ | LV | HH | LD(OA,OL),LC, DF,AC,MuD | ASD, SLD | - | D, HH (40-70)% | OL, Dw, AAV | SLD, MI, MD (40-70)% |
| ૫૪ | જિલ્લા આયુર્વેદ અધિકારી | ૧ | ૩૦ | LV | HH | LD,CP,LC, DF, AC, MuD | SLD, ASD | - | - | OA, OL,BL, CP,LC, Dw, AAV, | SLD, MD (40-70)% |
| ૫૫ | વહીવટી અધિકારી | ૨ | ૧૨ | VI LV | HH | LD,CP,LC, DF, AC, MuD | SLD, MI, ASD | B, LV (40 - 70)% | D, HH (40-70)% | OA, BA, OL, BL, OAL, BLOA, CP, LC, Dw, AAV | SLD, MI, MD (40-70)% |

૬. શહેરી વિકાસ અને શહેરી ગૃહ નિર્માણ વિભાગ હસ્તકની રાજ્ય અગ્નિ નિવારણ સેવાઓમાં દિવ્યાંગ અનામતમાંથી મુક્તિ આપવા અંગેની દરખાસ્ત તજજ્ઞ સમિતિ સમક્ષ તા.૨૯/૦૧/૨૦૨૧ની બેઠકમાં રજૂ કરવામાં આવેલ હતી. તા.૨૯/૦૧/૨૦૨૧ની બેઠકમાં તજજ્ઞ સમિતિના સૂચન મુજબ Deaf પ્રકારની દિવ્યાંગતાનો અગ્નિ નિવારણ સેવામાં સમાવેશ કરવા બાબતે ડૉ. રુતા સચાણી, આસીસ્ટન્ટ પ્રોફેસર, GMERS કોલેજ આમંત્રિત કરવામાં આવ્યા હતા. શહેરી વિકાસ અને શહેરી ગૃહ નિર્માણ વિભાગ દ્વારા રાજ્ય અગ્નિ નિવારણ સેવાઓમાં નીચે ક્રમ ૧ થી ૭માં દર્શાવેલ સંવર્ગોમાં મંજૂર થયેલ જગ્યાઓ તથા આ સંવર્ગોની કામગીરી ધ્યાને લઇ અનામતમાંથી મુક્તિ આપવા તથા ક્રમ ૮(આઠ)માં દર્શાવેલ સંવર્ગમાં દિવ્યાંગતાના પ્રકાર નક્કી કરવા તજજ્ઞ સમિતિને રજૂઆત કરવામાં આવી. તજજ્ઞ સમિતિ દ્વારા ઉક્ત સંવર્ગો માટે

ડૉ. રૂતા સવાણીનો અભિપ્રાય લેવામાં આવ્યો. તેમના અભિપ્રાય, ઉક્ત સંવર્ગોમાં મંજૂર થયેલ જગ્યાઓ તેમજ ભારત સરકારના તા.૦૪/૦૧/૨૦૨૧ના નોટિફિકેશનમાં સમાન સંવર્ગ માટે નક્કી કરેલ દિવ્યાંગતાના પ્રકારને ધ્યાને લઇ નીચે મુજબના દિવ્યાંગતાના પ્રકારને તજજ્ઞ સમિતિ દ્વારા માન્ય રાખવામાં આવેલ છે.

શહેરી વિકાસ અને શહેરી ગૃહ નિર્માણ વિભાગ હસ્તકની રાજ્ય અગ્નિ નિવારણ સેવાઓના નીચે મુજબના સંવર્ગ માટે તજજ્ઞ સમિતિ દ્વારા નક્કી કરવામાં આવેલ દિવ્યાંગતા

| ક્રમ | પોસ્ટનું નામ | વર્ગ | મંજૂર થયેલ જગ્યા | વિભાગની દરખાસ્ત | | | | તજજ્ઞ સમિતિએ મંજૂર કરેલ વિકલાંગતા | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| | | | | A | B | C | D &E | A | B | C | D &E |
| ૧ | નાયબ નિયામક | ૧ | ૧ | તમામ તાંત્રિક સંવર્ગના ભરતી નિયમો મુજબ શારીરિક ઉણપ/ ખામી ધરાવતા ઉમેદવારો આ જગ્યાઓ માટે લાયક બનશે નહિ તે મુજબની જોગવાઇ કરેલ હોઇ આ સંવર્ગોને દિવ્યાંગ અનામતમાંથી મુક્તિ આપવા દરખાસ્ત કરેલ છે. | | | | રાજ્ય અગ્નિ નિવારણ સેવાઓની કેડરની સ્ટ્રેન્થ તેમજ ભરતી નિયમો ધ્યાને લઇ તજજ્ઞ સમિતિ દ્વારા મુક્તિ આપવામાં આવેલ છે. | | | |
| ૨ | ડેપ્યુટી રીજીયોનલ ફાયર ઓફિસર | ૨ | ૫ | | | | | | | | |
| ૩ | સ્ટેશન ઓફિસર/ ઇન્સ્ટ્રક્ટર | ૩ | ૧ | | | | | | | | |
| ૪ | સબઓફિસર/ડ્રીલ ઇન્સ્ટ્રક્ટર | ૩ | ૧ | | | | | | | | |
| ૫ | ફ્રીરમેન | ૩ | ૧ | | | | | | | | |
| ૬ | ગ્રાઉન્ડ સ્ટાફ/ પમ્પ ઓપરેટર | ૩ | ૨ | | | | | | | | |
| ૭ | ફાયરમેન કમ ડ્રાઇવર | ૩ | ૯ | | | | | | | | |
| ૮ | આસિસ્ટન્ટ ટેકનિકલ | ૩ | ૧૨ | ઉપર મુજબ | | | | - | D, HH (40-70)% | OL, LC, Dw, AAV | ASD(M), SLD, MI(40-70)% MD(40-70)% |

{ <u>Code and functional classification</u>:- Blind (B), Low vision (LV), Deaf (D), Hard of hearing(HH), [Locomotor disability (LD) :- OA (one arm), OL(one leg), BA(both arm), BH(both hands), OAL(one arm one leg) , BLA(both legs and arms) , BLOA( both legs one arm), OABL(one arm both legs), BAOL(both arms one leg), BABL(both arms both leg), OAOL(one arm one leg) ], Cerebral palsy (CP), Leprosy cured (LC), Dwarfism (Dw), Acid attack victim(AAV), Muscular dystrophy (MDy), Intellectual disability(ID), Specific learning disability (SLD), Mental illness (MI),

[Autism Spectrum Disorder (ASD) M-Mild, MoD-Moderate],
[Multiple Disabilities (MD) :- Disabilities included in group (A) to (D)].

૭. અન્ય કોઇ મુદ્દા પરત્વે ચર્ચા બાકી ન હોઇ, હાજર સૌનો આભાર માની અધિક મુખ્ય સચિવશ્રીએ બેઠક સમાપ્ત કરી.

(જી.પી.પટેલ)
નાયબ સચિવ અને સભ્ય સચિવ
સામાજિક ન્યાય અને અધિકારિતા વિભાગ

(ડૉ. અજય ચૌહાણ)
S.P.O.M.H.
કમિશનરશ્રી, આરોગ્ય, તબીબી સેવાઓ
અને તબીબી શિક્ષણની કચેરી વતી.

(જી.એન.નાચિયા)
નિયામક
નિયામક, સમાજ સુરક્ષા ખાતની કચેરી

(કે.કે.પટેલ)
નાયબ સચિવ (ક.ગ.)
સામાન્ય વહીવટ વિભાગ

(બી.જી. નૈનવાલે)
નાયબ કમિશનર,
કમિશનરશ્રી, દિવ્યાંગ વ્યક્તિ માટેનાની કચેરી

(મનોજ અગ્રવાલ)
અધિક મુખ્ય સચિવશ્રી અને અધ્યક્ષ
સામાજિક ન્યાય અને અધિકારિતા વિભાગ.